Saturday
09.12.2023
*Volume :8 * Issue No.136
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs.90/-




**પુસ્તક-સશક્ત ઉત્તરાખંડ અને બ્રાન્ડ- હાઉસ ઓફ હિમાલયનું વિમોચન કર્યું**

**"ઉત્તરાખંડ એક એવું રાજ્ય છે જ્યાં આપણે સાથે મળીને ડિવાઈનિટી (દેવત્વ) અને ડેવલપમેન્ટ (વિકાસ) બંનેનો અનુભવ કરીએ છીએ"**

# પ્રધાનમંત્રીએ 'ઉત્તરાખંડ વૈશ્વિક રોકાણકારો શિખર સંમેલન ૨૦૨૩'નું ઉદ્‌ઘાટન કર્યું

## "ભારતનું સ્વોટ વિશ્લેષણ આકાંક્ષાઓ, આશા, આત્મવિશ્વાસ, નવીનતા અને તકોની વિપુલતાને પ્રતિબિંબિત કરશે"



**"ઉત્તરાખંડ સરકાર અને ભારત સરકાર એકબીજાના પ્રયાસોને વેગ આપી રહ્યા છે"**

**ઉત્તરાખંડ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૩' ઉત્તરાખંડને નવાં રોકાણ સ્થળ તરીકે સ્થાપિત કરવાની દિશામાં એક પગલું છે. આ બે દિવસીય શિખર સંમેલન ૮ અને ૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાઈ રહ્યું છે, જેનો વિષય છે - "શાંતિથી સમૃદ્ધિ". વિશ્વભરમાંથી હજારો રોકાણકારો અને પ્રતિનિધિઓ સમિટમાં ભાગ લેશે. તેમાં કેન્દ્રીય મંત્રીઓ, વિવિધ દેશોના રાજદૂતો તેમજ અગ્રણી ઉદ્યોગપતિઓ સામેલ થશે.**



- **મહત્વાકાંક્ષી ભારત અસ્થિરતાને બદલે સ્થિર સરકાર ઇચ્છે છે"**
- **મેક ઇન ઇન્ડિયા'ની તર્જ પર 'વેડ ઇન ઇન્ડિયા' ચળવળની શરૂઆત કરો"**
- **હું બે કરોડ લખપતિ દીદી બનાવવાનો સંકલ્પ કરું છું"**
- **આ સમય છે, યોગ્ય સમય છે. આ ભારતનો સમય છે"**



## "ઉત્તરાખંડમાં મધ્યમ વર્ગના સમાજની શક્તિ એક વિશાળ બજારનું નિર્માણ કરી રહી છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના દહેરાદૂનમાં વન સંશોધન સંસ્થામાં આયોજિત 'ઉત્તરાખંડ વૈશ્વિક રોકાણકારો શિખર સંમેલન ૨૦૨૩'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી મોદીએ પ્રદર્શનનું પગપાળા અવલોકન પણ કર્યું હતું અને ગ્રાઉન્ડ બ્રેકિંગ વૉલનું અનાવરણ કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ પુસ્તક સશક્ત ઉત્તરાખંડ અને બ્રાન્ડ હાઉસ ઑફ હિમાલયનું વિમોચન પણ કર્યું હતું. આ શિખર સંમેલનની થીમ 'શાંતિથી સમૃદ્ધિ' છે. આ પ્રસંગે ઉદ્યોગ જગતના અગ્રણીઓએ પણ તેમનાં મંતવ્યો વ્યક્ત કર્યાં હતાં. અદાણી ગ્રૂપના ડિરેક્ટર અને મેનેજિંગ ડિરેક્ટર (એગ્રો, ઓઇલ એન્ડ ગેસ) શ્રી પ્રણવ અદાણીએ જણાવ્યું હતું કે તાજેતરના સમયમાં ઉત્તરાખંડ તેની વૃદ્ધિ અને વિકાસ માટે રાજ્યનો અભિગમ સિંગલ-પોઈન્ટ મંજૂરીઓ, સ્પર્ધાત્મક જમીનની કિંમતો, પરવડે તેવી વીજળી અને કાર્યક્ષમ વિતરણ, ઉચ્ચ કુશળ માનવબળ અને રાષ્ટ્રીય રાજધાની સાથે નિકટતા અને ખૂબ જ સ્થિર કાયદો અને વ્યવસ્થાનાં વાતાવરણનાં અજેય સંયોજનને કારણે ખાનગી ક્ષેત્રનાં રોકાણ માટે સૌથી આકર્ષક સ્થળોમાંનું એક બની ગયું છે. શ્રી અદાણીએ રાજ્યમાં વિસ્તરણ કરવાની અને વધુ રોકાણ અને નોકરીઓ લાવવાની તેમની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ઉત્તરાખંડ રાજ્યને સતત સમર્થન આપવા બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, ભારતનાં લોકોએ તેમનામાં અભૂતપૂર્વ વિશ્વાસ અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે. જેએસડબ્લ્યૂના ચેરમેન અને મેનેજિંગડિરેક્ટર શ્રી સજ્જન જિંદાલે ઉત્તરાખંડ રાજ્ય સાથે પ્રધાનમંત્રીનાં જોડાણ પર પ્રકાશ પાડ્યોહતો, જેનો અનુભવ શ્રી જિંદાલે કેદારનાથ અને બદ્રીનાથની વિકાસલક્ષી પરિયોજનાઓ દરમિયાન કર્યો હતો. તેમણે રાષ્ટ્રનો ચહેરો બદલવા માટે પ્રધાનમંત્રીના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને જીડીપી વૃદ્ધિ અને ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાના માપદંડોનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી જિંદાલે વૈશ્વિક મહાસત્તા બનવાની ભારતની યાત્રામાં તેમનાં નેતૃત્વ માટે પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો. તેમણે દેશભરનાં તીર્થસ્થાનો સાથે જોડાણ સુધારવા પર સરકાર દ્વારા ભાર મૂકવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉત્તરાખંડમાં આશરે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ લાવવાની કંપનીની યોજનાનો વિસ્તાર કર્યો હતો અને નવેમ્બરમાં શરૂ થયેલા 'સ્વચ્છ કેદારનાથ પ્રોજેક્ટ' વિશે પણ વાત કરી હતી. તેમણે ઉત્તરાખંડ સરકારનો તેમનાં સમર્થન બદલ આભાર માન્યો હતો અને પ્રધાનમંત્રીને ભારતની વિકાસ યાત્રામાં કંપનીના સતત સમર્થનની ખાતરી આપી હતી. આઈટીસીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજીવ પુરીએ જી-૨૦ શિખર સંમેલનની સફળતાને યાદ કરતાં પ્રધાનમંત્રીની વૈશ્વિક મુત્સદ્દીગીરી અને વૈશ્વિક દક્ષિણ માટે તેમની હિમાયતની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે છેલ્લાં કેટલાક વર્ષોમાં ઉદ્દેશપૂર્ણ નીતિ પહેલોએ ભારતને બહુ-પરિમાણીય પડકારોનો સામનો કરતી દુનિયામાં અનુકૂળ સ્થાન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે, અર્થતંત્રમાં ઘણાં ક્ષેત્રોમાં પરિવર્તન અને જીડીપીના આંકડા પોતે જ બોલે છે. નેતૃત્વએ એવી પરિસ્થિતિ ઊભી કરી છે કે વૈશ્વિક સ્તરે, આ દાયકા અને કેટલાક લોકો કહે છે કે સદી ભારતની છે. પતંજલિના સ્થાપક અને યોગ ગુરુ શ્રી બાબા રામદેવે પ્રધાનમંત્રીને 'વિકસિત ભારત'ના સ્વપ્નદ્રષ્ટા અને ભારતના ૧૪૦ કરોડ નાગરિકોના તેમજ વિશ્વના પરિવારના સભ્ય તરીકે ઓળખાવ્યા હતા. તેમણે ૫ ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર હાંસલ કરવાના પ્રધાનમંત્રીના લક્ષ્યાંક પર પ્રકાશ પાડ્યો હતો અને રોકાણ લાવવા અને રોજગારીની તકો ઊભી કરવામાં પતંજલિનાં યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પ્રધાનમંત્રીને ભવિષ્યમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનાં રોકાણ અને આગામી સમયમાં ૧૦,૦૦૦થી વધુ નોકરીઓની ખાતરી આપી હતી. તેમણે નવા ભારતનાં નિર્માણમાં પ્રધાનમંત્રીના સંકલ્પ અને ઈચ્છાશક્તિની પ્રશંસા કરી હતી. તેમણે રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ઉત્તરાખંડના મુખ્યમંત્રીના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી અને કોર્પોરેટ ગૃહોને રાજ્યમાં એક એકમ સ્થાપવા વિનંતી કરી હતી. તેમણે પ્રધાનમંત્રીનાં નેતૃત્વમાં રાજ્યનાં પ્રવાસન, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, સંપર્ક અને માળખાગત ક્ષેત્રોના વિકાસની પણ પ્રશંસા કરી હતી. તેમણે રોકાણકારોને ભારતને વૈશ્વિક આર્થિક મહાસત્તા બનાવવાના પ્રધાનમંત્રીના સંકલ્પને મજબૂત કરવા અને વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા અપીલ કરી હતી. એમ્માર ઈન્ડિયાના સી.ઈ.ઓ. શ્રી કલ્યાણ ચક્રવર્તીએ દેશના વિકાસ માટે દિશા, દ્રષ્ટિ અને દૂરદર્શિતા પ્રદાન કરવા બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો. તેમણે ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રામાં ભાગીદાર બનવાની કોર્પોરેટ જગતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ભારત-યુએઈ સંબંધોમાં નવી જીવંતતા તરફ પણ ધ્યાન દોર્યું હતું. એમ્મારનું મુખ્ય મથક યુએઈમાં છે. શ્રી કલ્યાણ ચક્રવર્તીએ ભારત પ્રત્યેના વૈશ્વિક દ્રષ્ટિકોણમાં આવેલાં સકારાત્મક પરિવર્તન પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જીએસટી અને ફિનટેક ક્રાંતિ જેવા અનેક નીતિગત સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો, જે ઔદ્યોગિક જગત માટે નવી તકોનું સર્જન કરી રહ્યા છે. ટીવીએસ સપ્લાય ચેન સોલ્યુશન્સના ચેરમેન શ્રી આર. દિનેશે પ્રધાનમંત્રીનાં દૂરદર્શી નેતૃત્વ પ્રત્યે કંપનીની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે ઉત્તરાખંડની વિકાસ ગાથામાં સંસ્થાનાં યોગદાનનો ઉલ્લેખ કર્યોહતો અને ટાયર અને ઓટો ઘટકોનાં ઉત્પાદન એકમો અને લોજિસ્ટિક્સ અને ઓટો ક્ષેત્રમાં સેવાઓનાં ઉદાહરણો આપ્યાં હતાં. તેમણે ઉત્પાદન ક્ષેત્ર અને વેરહાઉસિંગ ક્ષમતામાં વધુ રોકાણ કરવાની કંપનીની યોજનાઓનું વિસ્તરણ કર્યું, જેનાથી તમામ પારિવારિક કંપનીઓમાં ૭,૦૦૦થી વધુ નોકરીઓનું સર્જન થાય છે. તેમણે વર્તમાન વિશ્વની બદલાતી પરિસ્થિતિઓને કારણે ડિજિટલ અને ટકાઉપણું પરિવર્તનમાં નાણાકીય સહાય અને કૌશલ્ય પ્રદાન કરીને ઓટો બજાર ક્ષેત્રમાં ભાગીદારોને હાથ ધરવા માટે કંપનીની તૈયારી પર ભાર મૂક્યો હતો. સી.આઈ.આઈ.ના અધ્યક્ષ તરીકે તેમણે ૧ લાખથી વધુ લોકોને પરામર્શ અને સમર્થન આપવા માટે ૧૦ આદર્શ કારકિર્દી કેન્દ્રો સ્થાપવાં માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે, ઉત્તરાખંડ આતિથ્ય, આરોગ્ય સંભાળ અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રોને આવરી લેતા ૧૦,૦૦૦ લોકોને તાલીમ આપવાની ક્ષમતા સાથે સ્પેશિયાલિટી મલ્ટી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરનાર પ્રથમ રાજ્ય બનશે.

ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ દેવભૂમિ ઉત્તરાખંડમાં આવવા બદલ ખુશી વ્યક્ત કરીહતી અને સદીનો ત્રીજો દાયકો ઉત્તરાખંડનો દાયકો હોવાની તેમની વાતને યાદ કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે આ સંતોષની બાબતછે કે આ નિવેદન જમીન પર સાકાર થઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ રાજ્ય સરકાર અને સિલ્કિયારા ખાતે ટનલમાંથી કામદારોના સફળ બચાવ પ્રોજેક્ટમાં સામેલ તમામ લોકોની પ્રશંસા કરી હતી. ઉત્તરાખંડ સાથેનાં તેમનાં ગાઢ જોડાણનો પુનરોચ્ચાર કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ એક એવું રાજ્ય છે જ્યાં વ્યક્તિ સાથે સાથે ડિવાઈનિટી (દેવત્વ) અને ડેવલપમેન્ટ (વિકાસ)નો અનુભવ કરે છે. પ્રધાનમંત્રીએ આ લાગણીને વધુ વિસ્તૃત કરવા માટે તેમની એક કવિતાનું પઠન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રોકાણકારોને ઉદ્યોગના હેવીવેઈટ્સ તરીકે ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્વોટ વિશ્લેષણની સામ્યતા દર્શાવી હતી અને રાષ્ટ્ર પર આ કવાયત હાથ ધરવા પર ભાર મૂક્યો હતો. તેમણે પ્રકાશ પાડ્યો હતો કે, સ્વોટ વિશ્લેષણનાં પરિણામો દેશમાં આકાંક્ષાઓ, આશા, આત્મવિશ્વાસ, નવીનતા અને તકોની વિપુલતા દર્શાવશે. તેમણે નીતિ સંચાલિત શાસનના સૂચકાંકો અને રાજકીય સ્થિરતા માટે નાગરિકોના સંકલ્પનો પણ ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભાની ચૂંટણીઓ પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, "મહત્વાકાંક્ષી ભારત અસ્થિરતાને બદલે સ્થિર સરકાર ઈચ્છે છે" અને ભારપૂર્વક જણાવ્યું હતું કે,લોકોએ સુશાસનઅને તેના ટ્રેક રેકોર્ડના આધારે મતદાન કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ કોવિડ મહામારી અને અસ્થિર ભૌગોલિક-રાજકીય સ્થિતિને ધ્યાનમાં લીધા વિના વિક્રમી ગતિએ આગળ વધવાની દેશની ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો. "ભલે તે કોરોના રસી હોય કે આર્થિક નીતિઓ, ભારતને તેની ક્ષમતાઓ અને નીતિઓમાં વિશ્વાસ હતો", એમ પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી. પરિણામે, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિશ્વનાં અન્ય મોટા અર્થતંત્રોની સરખામણીમાં ભારત તેની પોતાની લીગમાં ઊભું છે. તેમણે નોંધ્યું હતું કે, ઉત્તરાખંડ સહિત ભારતનું દરેક રાજ્ય આ શક્તિનો લાભ લઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ ડબલ એન્જિનવાળીસરકારના લાભોનો પુનરોચ્ચાર કર્યો હતો, જેના બેવડા પ્રયાસો દરેક જગ્યાએ દેખાઈ રહ્યા છે. જ્યારે રાજ્ય સરકાર સ્થાનિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને કામ કરી રહી છે, ત્યારે ભારત સરકાર ઉત્તરાખંડમાં અભૂતપૂર્વ રોકાણ કરી રહીછે. સરકારનાં બંને સ્તરો એકબીજાના પ્રયાસોને વેગ આપી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી ચારધામ સુધીનાં કામનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તે દિવસ દૂર નથી જ્યારે દિલ્હી-દહેરાદૂન વચ્ચેનું અંતર ઘટીને મુસાફરીના અઢી કલાક જેટલું થઈ જશે. દહેરાદૂન અને પંતનગર હવાઈમથકનાં વિસ્તરણથી હવાઈ જોડાણ મજબૂત થશે. રાજ્યમાં હેલી-ટેક્સી સેવાઓનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે અને રેલવે કનેક્ટિવિટીને મજબૂત કરવામાં આવી રહી છે. આ બધું જ કૃષિ, ઉદ્યોગ, લોજિસ્ટિક્સ, સ્ટોરેજ, પર્યટન અને આતિથ્ય-સત્કાર માટે નવી તકોનું સર્જન કરી રહ્યું છે. સરહદી વિસ્તારો પર સ્થિત સ્થળો સુધી મર્યાદિત પહોંચ આપવાના અગાઉની સરકારોના અભિગમને વિરોધાભાસી ગણાવતા પ્રધાનમંત્રીએ તેમને દેશનાં પ્રથમ ગામ તરીકે વિકસાવવાં માટે ડબલ એન્જિન સરકારના પ્રયાસોનેરેખાંકિત કર્યા હતા. તેમણે આકાંક્ષી જિલ્લાઓ અને આકાંક્ષી બ્લોક્સ કાર્યક્રમનો ઉલ્લેખ કર્યોહતો, જેમાં વિકાસના માપદંડોમાં પાછળ રહી ગયેલાં ગામડાંઓ અને પ્રદેશો પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. શ્રી મોદીએ ઉત્તરાખંડની વણખેડાયેલી સંભવિતતા પર પ્રકાશ પાડ્યો હતો અને રોકાણકારોને તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. ડબલ એન્જિન ધરાવતી સરકારનો લાભ મેળવનારા ઉત્તરાખંડનાં પ્રવાસન ક્ષેત્ર પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતુંકે, ભારત આવવા માટે સમગ્ર વિશ્વ અને દેશનાંલોકો કેવોઉત્સાહ અનુભવે છે. તેમણે પ્રવાસીઓને પ્રકૃતિ તેમજ ભારતના વારસાથી પરિચિત કરાવવાના આશયથી થીમ આધારિત ટૂરિસ્ટ સર્કિટનાં નિર્માણ વિશે માહિતી આપી હતી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રકૃતિ, સંસ્કૃતિ અને વારસાને સમાવતું ઉત્તરાખંડ એક બ્રાન્ડ તરીકે ઉભરી આવશે. તેમણે રોકાણકારોને યોગ, આયુર્વેદ, તીર્થ અને સાહસિક રમતગમત ક્ષેત્રોમાં તકોનું અન્વેષણ અને સર્જન કરવાને પ્રાથમિકતા બનાવવા પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ દેશના અમીર, વગદાર અને યુવાઓને અપીલ કરી કે તેઓ 'મેક ઈન ઈન્ડિયા'ની તર્જ પર 'વેડ ઈન ઈન્ડિયા' ચળવળ શરૂ કરે. તેમણે તેમને આગામી પાંચ વર્ષમાં ઉત્તરાખંડમાં ઓછામાં ઓછા એક લગ્ન સમારોહ કરવા અને યોજવાની વિનંતી કરી. "જો ઉત્તરાખંડમાં એક વર્ષમાં ૫૦૦૦ લગ્નો પણ થાય, તો પણ એક નવું માળખું ઊભું થશે અને રાજ્યને વિશ્વ માટે લગ્નનાં સ્થળમાં પરિવર્તિત કરશે", પ્રધાનમંત્રીએ ભારતની તે કોઈપણ સંકલ્પ લે તેને હાંસલ કરવાની ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યુંહતું કે, ભારતમાં પરિવર્તનનો જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં એક મહત્વાકાંક્ષી ભારતનું નિર્માણ થયું છે. અગાઉ વંચિત રહી ચૂકેલી વસ્તીનો મોટો હિસ્સો યોજનાઓ અને તકો સાથે જોડાઈ રહ્યો છે. ગરીબીમાંથી બહાર આવેલાં કરોડો લોકો અર્થતંત્રને નવી ગતિ આપી રહ્યાં છે. નવ મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ બંને વધુ ખર્ચ કરી રહ્યા છે "આપણે ભારતના મધ્યમ વર્ગની ક્ષમતાને સમજવી પડશે. ઉત્તરાખંડમાં સમાજની આ શક્તિ તમારા માટે પણ એક વિશાળ બજાર ઊભું કરી રહી છે", એમ શ્રી મોદીએ ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ હાઉસ ઑફ હિમાલય બ્રાન્ડ શરૂ કરવા બદલ ઉત્તરાખંડ સરકારને અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્તરાખંડનાં સ્થાનિક ઉત્પાદનોને વિદેશી બજારોમાં લઈ જવાનો આ એક નવીન પ્રયાસ હોવાનું જણાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું હતું કે, "હાઉસ ઑફ હિમાલય વોકલ ફોર લોકલ એન્ડ લોકલ ફોર ગ્લોબલ"ની આપણી વિભાવનાને વધુ મજબૂત બનાવે છે. તેમણે નોંધ્યું હતું કે, ભારતના દરેક જિલ્લા અને બ્લોકનાં ઉત્પાદનોમાં વૈશ્વિક બનવાનીક્ષમતા છે. તેમણે વિદેશોમાં ખાસ રીતે બનાવવામાં આવતાં અને રજૂ કરવામાં આવતાં માટીનાં મોંઘાં વાસણોનું ઉદાહરણ આપ્યું હતું. પરંપરાગત રીતે આવાં ઘણાં ઉત્કૃષ્ટ ઉત્પાદનો બનાવતા ભારતના વિશ્વકર્માઓની કુશળતા અને કળાની નોંધ લેતા, પ્રધાનમંત્રીએ આવાં સ્થાનિક ઉત્પાદનો માટે વૈશ્વિક બજારની શોધખોળ કરવાનાં મહત્વ પર ભાર મૂક્યો હતો અને રોકાણકારોને વિવિધ જિલ્લાઓમાં આવાં ઉત્પાદનોની ઓળખ કરવા વિનંતી કરી હતી. તેમણે તેમને મહિલાઓનાં સ્વ-સહાય જૂથો અને એફ.પી.ઓ. સાથે જોડાવાની શક્યતાઓ શોધવાની પણ વિનંતી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, "સ્થાનિકને-વૈશ્વિક બનાવવા માટે આ એક અદ્?ભૂત ભાગીદારી બની શકે છે". લખપતિ દીદી અભિયાન પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ દેશના ગ્રામીણ વિસ્તારોમાંથી બે કરોડ લખપતિ દીદી બનાવવાના તેમના સંકલ્પને રેખાંકિત કર્યો હતો અને કહ્યું હતું કે હાઉસ ઑફ હિમાલયની બ્રાન્ડના શુભારંભ સાથે આ પહેલને વેગ મળશે. તેમણે આ પહેલ માટે ઉત્તરાખંડ સરકારનો પણ આભાર માન્યો હતો. રાષ્ટ્રીય ચરિત્રને મજબૂત કરવા વિશે લાલ કિલ્લા પરથી તેમનાં સ્પષ્ટ આહ્વાનનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ દરેકને પ્રોત્સાહિત કર્યા, "આપણે જે પણ કરીએ, તે વિશ્વમાં શ્રેષ્ઠ હોવું જોઈએ. વિશ્વએ આપણા ધોરણોનું પાલન કરવું જોઈએ. આપણું ઉત્પાદન શૂન્ય અસર, શૂન્ય ખામીના સિદ્ધાંત પર હોવું જોઈએ. આપણે હવે નિકાસ-લક્ષી ઉત્પાદનને કેવી રીતે વધારવું તે પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે." તેમણે કહ્યું કે મહત્વાકાંક્ષી પી.એલ.આઈ. અભિયાનો નિર્ણાયક ક્ષેત્રો માટે ઈકોસિસ્ટમ બનાવવાનો સંકલ્પ દર્શાવે છે. તેમણે નવાં રોકાણ દ્વારા સ્થાનિક પુરવઠા સાંકળો અને એમએસએમઈને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સસ્તી નિકાસની માનસિકતામાંથી બહાર આવવાની અને ક્ષમતા નિર્માણને પ્રાથમિકતા આપવાની જરૂર છે. તેમણે પેટ્રોલિયમ માટે રૂ. ૧૫ લાખ કરોડના આયાત બિલ અને કોલસા માટે ૪ લાખ કરોડ રૂપિયાના આયાતબિલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કઠોળ અને તેલીબિયાંની આયાત ઘટાડવાના પ્રયાસોની વિસ્તૃત છણાવટ કરી હતી, કારણ કે આજે પણ ભારત ૧૫ હજાર કરોડનાં કઠોળની આયાત કરે છે. પ્રધાનમંત્રીએ પોષણનાં નામે પેકેજ્ડ ખોરાક સામે ચેતવણી આપી હતી, જ્યારે ભારત બાજરી જેવા પૌષ્ટિક ખોરાકથી એટલું સમૃદ્ધ છે. તેમણે આયુષ સંબંધિત ઓર્ગેનિક ખોરાકની શક્યતાઓ અને રાજ્યના ખેડૂતો અને ઉદ્યોગસાહસિકો માટે તેઓ પ્રદાન કરે છે તે તકો પર પ્રકાશ પાડ્યો હતો. પેકેજ્ડ ફૂડમાં પણ તેમણે ઉપસ્થિત લોકોને સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજારોમાં પહોંચવામાં મદદ કરવા કહ્યું હતું. સંબોધનનાં સમાપનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે ભારત, તેની કંપનીઓ અને તેના રોકાણકારો માટે અભૂતપૂર્વ સમય છે. તેમણે જણાવ્યું હતું કે, "ભારત આગામી થોડાં વર્ષોમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે."

તેમણે સ્થિર સરકાર, સહાયક નીતિવ્યવસ્થા, સુધારાની માનસિકતા અને પરિવર્તનની માનસિકતા અને વિકાસમાં વિશ્વાસનાં સંયોજનને શ્રેય આપ્યો હતો. "આસમય છે, યોગ્ય સમય છે. આ ભારતનો સમય છે." પ્રધાનમંત્રીએ રોકાણકારોને ઉત્તરાખંડ સાથે ચાલવા અને તેની વિકાસલક્ષી સફરમાં સહભાગી થવા અપીલ કરી હતી. આ પ્રસંગે ઉત્તરાખંડના રાજ્યપાલ નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ ગુરમિત સિંહ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામી અને અન્યો ઉપસ્થિત રહ્યા હતા.

